# મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના – ગુજરાત

અંતર્ગત

# ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્ર નિર્માણ કરવાની માર્ગદર્શીકા


કમિશનર ગ્રામ વિકાસની કચેરી, બ્લોક નં– ૧૬/૩,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
ફોન નં– ૨૩૨૫૩૪૬૮
Email: nregacrd@gmail.com

# મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્ર નિર્માણ કરવાની માર્ગદર્શીકા

## યોજનાની રૂપરેખાઃ–

મહાત્મા ગાંધી રોજગાર બાંહેધરી અધિનિયમ –૨૦૦૫ નો મુખ્ય હેતું ગ્રામ્ય વિસ્તારમાં રહેતા કુટુંબોને નાણાકીય વર્ષમાં મહત્તમ ૧૦૦ દિવસની સવેતન રોજગારી આપવાની સાથે સાથે ગ્રામ્ય વિકાસમાં ઉપયોગી ટકાઉ અસ્કયામતો ઉભી કરવાનો હેતું રહેલો છે. રાજયમાં તા.૨/૨/૨૦૦૬ ના જાહેરનામાંથી આ યોજનાની અમલવારી કરવામાં આવેલ છે. ભારત સરકારશ્રી અને રાજય સરકારશ્રી ધ્વારા પ્રસિધ્ધ થયેલ જુદા જુદા નિયમો અને જાહેરનામા થી આ યોજનાના આયોજન , સંકલન અને નિયંત્રણ માટે માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

એમજીએનઆરઈજીએ યોજના અંતર્ગત તમામ ગ્રામ પંચાયતોમાં ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્ર નિર્માણ કરવાના કામનો સમાવેશ યોજનાના અધિનિયમમાં કરવામાં આવેલ છે. જેનું જાહેરનામું ભારત સરકારશ્રી ધ્વારા તા.૧૧/૧૧/૨૦૦૯ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

ભારત સરકારશ્રી ધ્વારા તમામ ગ્રામ પંચાયતમાં બી.એન.આર.જી.એસ કેન્દ્ર ના બાંધકામ માટે ગાઈડ લાઈન્સ (માર્ગદર્શીકા) પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ માર્ગદર્શીકા અન્વયે નીચે જણાવેલ બાબતોનેબી.એન.આર.જી.એસ કેન્દ્રના બાંધકામ દરમ્યાન ધ્યાને રાખવાની રહે છે.

૧. રાષ્ટ્રીય સ્તરે નિયત કરેલ ડિઝાઈન / નકશા અનુસારના કેન્દ્રનું બાંધકામ કરવાનું જણાવવામાં આવેલ છે.જેમા ગ્રામ્ય વિસ્તારમાં ૧૩૦ ચો.મી નું બાંધકામ અને તાલુકા કક્ષાએ ૨૯૦ ચો.મી નું બાંધકામ ધરાવતા નિયત નકશા અનુસારનાં બાંધકામ કરવાના છે.
૨. આ કેન્દ્રના બાંધકામ એમજીએનઆરઈજીએની ગાઈડ લાઈન્સ અનુસાર જોબકાર્ડ ધારક બિનકુશળ શ્રમિકોને રોજગારી આપી કરવાનું છે તથા તેનું મસ્ટર નિભાવણી કરવાની છે. બાંધકામ માટે જરૂરી માલસામાનની ખરીદીમાં પારર્દશકતા યુકત ખરીદ પધ્ધતિ અપનાવવાની છે.
૩. આ કેન્દ્રના બાંધકામ માટે જિલ્લા કક્ષાએ મજૂરી અને માલસામાનનું પ્રમાણ ૬૦:૪૦ રહેવું જોઈએ.
૪. ગુણવત્તાયુકત અને સમયમર્યાદામાં બી.એન.આર.જી.એસ કેન્દ્ર નું બાંધકામ પૂર્ણ કરવાની જવાબદારી જિલ્લા પ્રોગ્રામ કો–ઓર્ડિનેટરની છે.
૫. બી.એન.આર.જી.એસ કેન્દ્ર ના બાંધકામ પૂર્ણ થયેથી એમજીએનઆરઈજીએ અંતર્ગત સોસીયલ ઓડીટ કરાવવાનું રહેશે.
૬. બી.એન.આર.જી.એસ કેન્દ્ર ના બાંધકામ માટે સ્થાનિક ઉપલબ્ધ માલસામાન અને બાંધકામ તજજ્ઞતાનો ઉપયોગ કરવાનો રહેશે અને કોન્ટ્રાકટ પધ્ધતિથી કામો કરવાના રહેશે નહી.
૭. ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્ટ્રકચર ડિઝાઈન ના ધોરણો નો ઉપયોગ કરવાનો રહેશે.
૮. ભૂકંપ સંભવિત વિસ્તારને ધ્યાને લઈ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓર્થોરીટીની ગાઈડ લાઈન્સ અનુસાર કેન્દ્રની ડિઝાઈન નકકી કરી નકશા અંદાજપત્રકો બનાવી કામગીરી કરવાની રહેશે.

૯. કેન્દ્રના બાંધકામના અંદાજ પત્રકો જે તે જિલ્લાના મંજૂર થયેલ માર્ગ અને મકાન વિભાગના એસ.ઓ.આર પ્રમાણે તૈયાર કરવાના રહેશે.

એમજીએનઆરઈજીએ યોજના ના ધારાધોરણો ને સાંકળી લઈને ઉપરોકત ૧ થી ૯ બાબતો ને ઘ્યાને રાખી ગ્રામ્ય કક્ષાએ તમામ ગ્રામ પંચાયતમાં બી.એન.આર.જી.એસ કેન્દ્રના કામો હાથ ધરવા માટેની પૂર્વ તૈયારીમાં જેવીકે માલસામાન ખરીદી , કુશળ –અર્ધ કુશળ કારીગરો , મશીનરી, મીક્ષર, સેન્ટરીંગ જેવી વિવિધ બાબતોની પારદર્શક પઘ્ધતિથી ઉપલબ્ધતા કરાવવા માટે અને કેન્દ્રના કામો સરળતાથી હાથધરી શકાય તે હેતુથી બી.એન.આર.જી.એસ કેન્દ્રના ગ્રામ્ય કક્ષાએ બાંધકામ અંગેની માર્ગદર્શીકા તૈયાર કરવામાં આવેલ છે.

**ગ્રામ્યકક્ષાની અમલીકરણ એજન્સી**– એમજીએનઆરઈજીએ યોજના અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ ગ્રામ પંચાયત અમલીકરણ એજન્સી તરીકે નિયુકત થયેલ છે. જેમાં સરપંચ , તલાટી કમ મંત્રીશ્રી ઉપરાંત ગ્રામ પંચાયતના તમામ સભ્યોનો સમાવેશ થાય છે.

**બી.એન.આર.જી.એસ કેન્દ્ર માટે બાંધકામ સમિતિની રચના :–** ગ્રામ્ય કક્ષાએ બી.એન.આર.જી.એસ કેન્દ્રના સૂચારૂ બાંધકામ માટે અમલીકરણ એજન્સી ઘ્વારા ગ્રામ પંચાયત કક્ષાએ એક સમિતિની રચના કરવાની રહેશે જેમાં ગ્રામ પંચાયત ઉપરાંત નીચે જણાવેલ સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે.

| **ક્રમ** | **નામ** | **હોદ્દો** |
|---|---|---|
| ૧ | સરપંચ | અઘ્યક્ષ |
| ૨ | તલાટી કમ મંત્રીશ્રી | સભ્ય સચિવ |
| ૩ | ગ્રામ પંચાયતના સભ્યો (તમામ) | સભ્ય /સભ્યો |
| ૪ | વી.વી.એમ.સી નાઅઘ્યક્ષ | સભ્ય |
| ૫ | વી.વી.એમ.સી ના મહિલા સભ્ય | સભ્ય |
| ૬ | સ્થાનીક કડીયો / કારીગર | સભ્ય |
| ૭ | પ્રાથમીક શાળાના મુખ્ય શિક્ષક | સભ્ય |
| ૮ | બિનકુશળ મહિલા શ્રમિક | સભ્ય |
| ૯ | ગ્રામ રોજગાર સેવક / મેટ | સભ્ય |
| ૧૦ | ટેકનીકલ આસીસ્ટન્ટ | કો–ઓર્ડિનેટર |

**બાંધકામ સમિતિના સભ્યોની પસંદગીમાં ઘ્યાન રાખવાના મુદ્દા :–**

અઘ્યક્ષઃ– ગ્રામ પંચાયતના સરપંચશ્રી / સ્થાનીક સ્વરાજયની સંસ્થાના ચૂટાયેલ પ્રતિનિધી

સભ્ય સચિવ :– સરકારશ્રી ઘ્વારા જે તે ગ્રામ પંચાયત માટે નિયુકત થયેલ તલાટી કમ મંત્રીશ્રી

સભ્યોઃ–

- ગ્રામ પંચાયતના સભ્યો (તમામ)– ગ્રામ પંચાયતના / સ્થાનીક સ્વરાજયની સંસ્થાના ચૂટાયેલા વોર્ડ પ્રતિનિધી .

- વી.વી.એમ.સી નાઅધ્યક્ષ– એમજીએનઆરઈજીએ અંતર્ગત નિયુકત થયેલ વી.વી.એમ.સી ના સભ્યો પૈકી.
- વી.વી.એમ.સી ના મહિલા સભ્ય – એમજીએનઆરઈજીએ અંતર્ગત નિયુકત થયેલ વી.વી.એમ.સી ના સભ્યો પૈકી.
- સ્થાનીક કડીયો / કારીગર– સ્થાનિક કડીયાને પ્રથમ પસંદગી આપવી , અનુભવ અને કરેલ અન્ય કામને ધ્યાનમાં લેવા , સારા કારીગર હોવા જોઈએ , નકશાનું વાંચન કરી શકે તેવા કડીયાને પ્રથમ પસંદગી.
- પ્રાથમીક શાળાના મુખ્ય શિક્ષક– પ્રાથમીક શાળાના સરકારશ્રીના નિયુકત થયેલ મુખ્ય શિક્ષક , સર્વ શિક્ષા અભિયાન બાંધકામ સમિતિના સભ્યને પ્રથમ પસંદગી.
- બિનકુશળ મહિલા શ્રમિક –ગ્રામ પંચાયત હેઠળના જોબકાર્ડ ધારક કુટુંબની બિનકુશળ શ્રમ રોજગારી મેળવતી મહિલા.
- ગ્રામ રોજગાર સેવક / મેટ – મનરેગા યોજના અંતર્ગત નિયુકિત પામેલ ગ્રામ રોજગાર સેવક અને ગ્રામ પંચાયત ધ્વારા નિયુકત થયેલ મેટ.
- કો–ઓર્ડિનેટર– મનરેગા યોજના અંતર્ગત નિયુકિત પામેલ ટેકનીકલ આસીસ્ટન્ટ.

**ગ્રામ્ય બાંધકામ સમિતિ ધ્વારા હાથ ધરવામા આવનાર બાંધકામની વિગતઃ–** એમજીએનઆરઈજીએ યોજના અંતર્ગતના ગ્રામ્ય કક્ષાનું બી.એન.આર.જી.એસ કેન્દ્ર તથા તેને સંલગ્ન બાંધકામની કામગીરી

બાંધકામ સમિતિના સભ્યોની કામગીરી/ જવાબદારીઃ–

૧. બાંધકામ સમિતિના અધ્યક્ષ સંપર્ક કામગીરી બજાવશે અને સમિતિમાં એક રાગ જાળવશે.
૨. ગામમાં કેન્દ્ર માટે જમીન મેળવવામાં મુશ્કેલી હશે તો તે દૂર કરશે.
૩. સમિતિના સંકલન માટે અઠવાડીક બેઠક યોજશે.
૪. બાંધકામના તમામ પાસામાં વધુમાં વધુ સ્થાનિક લોકોને સામેલ કરવા .
૫. બાંધકામ માટે ગુણવત્તાવાળો માલ સામાન અને કુશળ કારીગરો પસંદ કરવા.
૬. બાંધકામ દરમિયાન માલ સામાન / શ્રમ / નાણાંનો બગાડ ન થાય તેની સંપૂર્ણ તપાસ રાખવી.
૭. મંજૂર થયેલ ડિઝાઈન પ્રમાણે અને ખર્ચના અંદાજ મુજબ બાંધકામ થયુ છે તે સુનિશ્ચિત કરવું.
૮. બાંધકામ યોગ્ય ગુણવત્તા મુજબ થયેલ છે કે નહી તે ચકાસવું.
૯. નિયત સમયગાળા દરમ્યાન બાંધકામ પુરૂ થાય તેવું આયોજન કરવું.
૧૦. સમયસર નાણાંની ચૂકવણી થાય તે સુનિશ્ચિત કરવું.
૧૧. કોન્ટ્રાકટરો મારફત કામગીરી ન થાય તે ધ્યાન રાખવું.
૧૨. બિન કુશળ શ્રમિક જોબકાર્ડ ધારક હોય અને તેનું મેટ ધ્વારા કામ પર દૈનિક મસ્ટર રોલની નિભાવણી થવી જોઈએ.
૧૩. અઠવાડીક થયેલ કામના માપ નોંધાઈ જાય અને તેનું ચુકવણું ૧૫ દિવસ સુધીમાં થઈ જવું જોઈએ.
૧૪. કામ દરમ્યાન કોઈ મતભેદ અથવા ગેરસમજ થઈ હોય તો તેનું સમાધાન કરશે.

**કો–ઓર્ડિનેટર–ટેકનીકલ આસીસ્ટન્ટની ભૂમિકાઃ–**

૧. કામના અંદાજ પત્રકોની તાંત્રીક અને વહીવટી મંજુરી :– ગ્રામ પંચાયતના નિયુકત થયેલ ટેકનીકલ આસીસ્ટન્ટ ધ્વારા બાંધકામની જગ્યાના સોઈલ બેરીગ કેપેસીટી ટેસ્ટના પરીણામ મેળવી, તે અનુસાર કેન્દ્રના બાંધકામના સંપૂર્ણ ડિઝાઈન ડ્રોઈગ સાથેના નકશા અંદાજ પત્રકો હયાત એસ.ઓ.આર ના આધારે તૈયાર કરી તાલુકા અને જિલ્લા કક્ષાએથી ભલામણ મેળવી સક્ષમ ટેકનીકલ અધિકારી શ્રી (કાર્યપાલક ઈજનેર) પાસેથી તાંત્રીક મંજુરી મેળવશે. આ તાંત્રીક મંજુરીવાળા અંદાજ પત્રકોના કામ માટે પ્રોગ્રામ ઓફિસર –વ– તાલુકા વિકાસ અધિકારીશ્રી પાસેથી વહીવટી મંજુરી મેળવી , એમ.આઈ.એસ થકી વર્ક કોડ જનરેટ કરશે.

૨. ટેકનીકલ આસીસ્ટન્ટ એ ટેકનીકલ જાણકારી ધરાવતા ગ્રામ્ય બાંધકામ સમિતિ ના મિત્ર તરીકે સમિતિને બાંધકામને લગતી મુશ્કેલીઓનું નિરાકરણ કરશે અને નીચે મુજબની ફરજ બજાવશે.

- સારો માલસામાન પસંદ કરવામાં મદદ કરશે. જરૂર જણાય ત્યારે ટેસ્ટ કરીને માલ સામાન પસંદ કરવાનું જણાવશે.
- સિવિલ કામોના નિર્માણ માટે કયા સ્ટેજે કેટલા મટીરીયલની જરૂરીયાત પડશે તેની જાણ કારી આપશે. આ જાણકારી માલસામાનની ખરીદીમાં ખૂબજ ઉપયોગી નિવડશે.
- જુદા જુદા નિભાવણી પત્રકો જેવાકે મસ્ટર રોલ , માપ પોથી , એમ.આઈ.એસ , માલ સામાન વપરાશ પત્રક , ખર્ચ પત્રક વગેરે નિભાવવામાં મદદ કરશે.
- નવા બાંધકામના ઓરીએન્ટેશન તેમજ લાઈન લે આઉટ આપવામાં મદદ કરશે,
- સંપૂર્ણ બાંધકામનું સુપરવિજન કરશે અને સારી ગુણવત્તાની ખાતરી કરશે.
- બાંધકામને લગત સારી પધ્ધતિનો ઉપયોગ કઈ રીતે કરવો તેની જાણકારી આપશે,
- બાંધકામને લગત ચુકવણા જેવા કે મસ્ટર રોલ , માલસામાન ખરીદીના બિલ , કુશળ ,અર્ધકુશળ કારીગર ના બિલ વગેરે તમામ કામગીરીના બિલોની સમયસર માપનોંધણી કરી ચૂકવણા અર્થે ગ્રામ પંચાયત મારફત પ્રોગ્રામ ઓફિસરને મોકલી આપશે.
- સમય મર્યાદામાં કામ પુરૂ કરવા માટે બાંધકામ સમિતિને પ્રોત્સાહિત કરી ટેકનીકલ માર્ગદર્શન કરશે.
- માલ સામાનનો બગાડ ન થાય તે માટે માર્ગદર્શન પુરૂ પાડશે, બાંધકામને લગતી કોઈ પણ બાબતમાં મદદ કરશે.

**નાણાંની જોગવાઈ અને તેની ચૂકવણી પ્રક્રિયાઃ–** બી.એન.આર.જી.એસ કેન્દ્રના બાંધકામ માટે ભારત સરકારશ્રીના ગ્રામ્ય કક્ષાના કેન્દ્રની રૂા.૧૦.૦૦ લાખ કિંમત નકકી કરવામાં આવેલ છે. રાજય સરકારશ્રી ધ્વારા હયાત એસ.ઓ.આર ને ઘ્યાને લેતા એક કેન્દ્રની અંદાજીત કિંમત રૂા.૧૪.૬૫ લાખ થતી હોઈ રાજય સરકારશ્રી ધ્વારા વધારાના રૂા.૪.૬૫ લાખ આપવાનું ઠરાવેલ છે. આ નિયત રકમ માંથી ૪.૬૫ લાખની રકમ ફકત માલસામાન પેટે યુનિટદિઠ ખર્ચ કરવાની રહેશે અને ૧૦.૦૦ લાખની

ભારત સરકારશ્રીની નિયત રકમ પૈકી જિલ્લાકક્ષાએ મજૂરી ખર્ચ અને માલસામાન ખર્ચનું પ્રમાણ ૬૦:૪૦ જળવાઈ રહે તે રીતે પ્રોગ્રામ ઓફિસર મારફત તમામ નાણાંકીય વહેવાર નિયત નાણાંકીય નિયમોને આધિન રહી  કરવાના રહેશે.

- બી.એન.આર.જી.એસ  કેન્દ્ર ના બાંધકામના તમામ ઈ–મસ્ટરનું ચુકવણું જે તે જોબકાર્ડ ધારક શ્રમિકના બેન્ક / પોસ્ટ ખાતા મારફત ૧૫ દિવસ સુધીમાં પ્રોગ્રામ ઓફિસર ધ્વારા  કરવાનું રહેશે.
- માલસામાન ખરીદીના તમામ પ્રકાર જેવા કે – માલસામાન , મશીનરી , કુશળ બિનકુશળ કારીગરી તથા અન્ય તમામ બિલોનું ચૂકવણું જે તે વ્યકિત / સંસ્થા / એજન્સી ના બેન્ક / પોસ્ટ ખાતા મારફત પ્રોગ્રામ ઓફિસર ધ્વારા  કરવાનું રહેશે.

**બી.એન.આર.જી.એસ  કેન્દ્ર નું બાંધકામની કામગીરી માટેની માર્ગદર્શીકાઃ–** કેન્દ્રના ડિઝાઈન અંદાજો અને અહેવાલ તૈયાર થઈ જાય તથા તાંત્રીક અને વહિવટી મંજૂરી મળીજાય ત્યારબાદ કામ શરૂ કરવા માટે બાંધકામ સમિતિની સાથે રહી ટેકનીકલ આસીસ્ટન્ટ ધ્વારા નીચેની બાબતોએ કામ આધારીત સ્થળ પર કામગીરી કરવાની રહેશે.

- **બિનકુશળ શ્રમિક ખર્ચ–** કેન્દ્રના બાંધકામ માટે ડિમાન્ડ મેળવી તાલુકામાંથી ઈ–મસ્ટર મેળવી તેમાં હાજરી પુરાવી , અઠવાડીક કરેલ કામના માપ નોંધી ચૂકવણા પત્રકો તૈયાર કરી ચૂકવણા અર્થે  પ્રોગ્રામ ઓફિસરશ્રીને મોકલી આપશે.

    મેટ , પાણી છાંટવા (કયોરીંગ) માટે  તથા ચોકીદારી અને અન્ય કામગીરી માટે બાંધકામ દરમ્યાન રાખવામાં આવેલ શ્રમિકો / વ્યકિતઓ (જોબકાર્ડ ધારક) ના ઉપરોકત ઈ–મસ્ટરમાં સમાવેશ કરવાનો રહેશે.

    ઈ–મસ્ટરમાં નોંધ થયેલ અને ચૂકવણા પત્રકોના આધારે તમામ બિન કુશળ શ્રમિકો / વ્યકિતઓના ચૂકવણા તેઓના બેન્ક / પોસ્ટ ખાતામાં કરવાના રહેશે.

- **માલસામાન ખર્ચ –**

  **(અ) કેન્દ્રના બાંધકામ માટે જરૂરી માલસામાનની ખરીદી કરવા નીચે જણાવેલ પધ્ધતિ અપનાવવાની રહેશે.**

  ૧. <u>સ્ટીલ</u>– જે તે ગ્રામ પંચાયત મારફત નાણાંકીય નિયમોને આધિન રહી આઈ.એસ.આઈ માર્કાના ટી.એમ.ટી સળીયાની ખરીદી માટે ઓછામાં ઓછા ત્રણ પાર્ટીઓના જિલ્લા / તાલુકા/ ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ ડિલર , સબ ડિલર પાસેથી ભાવો મેળવી તેનું તુલનાત્મક પત્રક અને ભલામણ સાથેની દરખાસ્ત તૈયાર કરી પ્રોગ્રામ ઓફિસરશ્રી પાસેથી મંજુરી મેળવવાની રહેશે. ભાવો યુનિટદિઠ(મે.ટન) મંગાવવાના રહેશે અને તેની સરખામણી એસ.ઓ.આર ના દર સાથે કરવાની રહેશે.

  ૨. <u>સીમેન્ટ</u> – સીમેન્ટની ખરીદી સ્ટેટ સીવીલ સપ્લાય કોર્પોરેશન પાસેથી કરવાની રહેશે.

  ૩. <u>ઈંટો ,રેતી ,ગ્રીટ–કપચી,રબલ, બેલા સ્ટોન, ટાઈલ્સ ,પત્થર ,મુરમ ,કોટા સ્ટોન, સી.જી.આઈ. શીટ , મેગ્લોરી નળીયા</u> – જે તે ગ્રામ પંચાયત મારફત નાણાંકીય નિયમો ને આધિન રહી ઉપલબ્ધ સ્થાનીક માલસામાન ને ધ્યાને લઈ જે તે વસ્તુની ખરીદી માટે  ઓછામાં ઓછા ત્રણ પાર્ટીઓના સ્થાનિક / ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ ડિલર , સબ

ડિલર પાસેથી ભાવો મેળવી તેનું તુલનાત્મક પત્રક અને ભલામણ સાથેની દરખાસ્ત તૈયાર કરી પ્રોગ્રામ ઓફિસરશ્રી પાસેથી મંજુરી મેળવવાની રહેશે. ભાવો એસ.ઓ.આર ના યુનિટદિઠ મંગાવવાના રહેશે અને તેની સરખામણી એસ.ઓ.આર ના દર સાથે કરવાની રહેશે.

૪. <u>પ્લમ્બીગ આઈટમ, સેનીટેશન માલસામાન</u> – જે તે ગ્રામ પંચાયત મારફત નાણાંકીય નિયમોને આધિન રહી જે તે વસ્તુની ખરીદી માટે ઓછામાં ઓછા ત્રણ પાર્ટીઓના સ્થાનિક / ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ ડિલર , સબ ડિલર પાસેથી ભાવો મેળવી તેનું તુલનાત્મક પત્રક અને ભલામણ સાથેની દરખાસ્ત તૈયાર કરી પ્રોગ્રામ ઓફિસરશ્રી પાસેથી મંજુરી મેળવવાની રહેશે. ભાવો એસ.ઓ.આર ના યુનિટદિઠ મંગાવવાના રહેશે અને તેની સરખામણી એસ.ઓ.આર ના દર સાથે કરવાની રહેશે.

૫. <u>બારી બારણાં</u> – જે તે ગ્રામ પંચાયત મારફત નાણાંકીય નિયમોને આધિન રહી ફેબ્રિકેટેડ સ્ટીલના બારી દરવાજાની ખરીદી માટે ઓછામાં ઓછા ત્રણ પાર્ટીઓના સ્થાનિક / ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ ફેબ્રિકેશન મટીરીયલ સપ્લાયરની કામગીરી કરતાં રજીસ્ટર પાર્ટીઓ પાસેથી ભાવો મેળવી તેનું તુલનાત્મક પત્રક અને ભલામણ સાથેની દરખાસ્ત તૈયાર કરી પ્રોગ્રામ ઓફિસરશ્રી પાસેથી મંજુરી મેળવવાની રહેશે. ભાવો એસ.ઓ.આર ના યુનિટદિઠ મંગાવવાના રહેશે અને તેની સરખામણી એસ.ઓ.આર ના દર સાથે કરવાની રહેશે.

૬. <u>ઈલેકટ્રીફીકેશન</u> – જે તે ગ્રામ પંચાયત મારફત નાણાંકીય નિયમોને આધિન રહી ઈલેકટ્રીફીકેશનના માલસામાન ની ખરીદી માટે ઓછામાં ઓછા ત્રણ પાર્ટીઓના સ્થાનિક / ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ ઈલેકટ્રીફીકેશન મટીરીયલ સપ્લાયરની કામગીરી કરતાં રજીસ્ટર પાર્ટીઓ પાસેથી ભાવો મેળવી તેનું તુલનાત્મક પત્રક અને ભલામણ સાથેની દરખાસ્ત તૈયાર કરી પ્રોગ્રામ ઓફિસરશ્રી પાસેથી મંજુરી મેળવવાની રહેશે. ભાવો એસ.ઓ.આર ના યુનિટદિઠ મંગાવવાના રહેશે અને તેની સરખામણી એસ.ઓ.આર ના દર સાથે કરવાની રહેશે.

૭. <u>રંગ કામ</u> – જે તે ગ્રામ પંચાયત મારફત નાણાંકીય નિયમોને આધિન રહી રંગ કામ માટેના માલસામાન ની ખરીદી માટે ઓછામાં ઓછા ત્રણ પાર્ટીઓના સ્થાનિક / ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ મટીરીયલ સપ્લાયરની કામગીરી કરતાં રજીસ્ટર પાર્ટીઓ પાસેથી ભાવો મેળવી તેનું તુલનાત્મક પત્રક અને ભલામણ સાથેની દરખાસ્ત તૈયાર કરી પ્રોગ્રામ ઓફિસરશ્રી પાસેથી મંજુરી મેળવવાની રહેશે. ભાવો એસ.ઓ.આર ના યુનિટદિઠ મંગાવવાના રહેશે અને તેની સરખામણી એસ.ઓ.આર ના દર સાથે કરવાની રહેશે.

**(બ) કેન્દ્રના બાંધકામ માટે જરૂરી કુશળ / અર્ધ કુશળ કારીગરી, સેન્ટરીગ ,શટરીગ , મીક્ષર ,વાઈબ્રેટર,લીફટ ,પાણીની ટેન્કરની વ્યવસ્થા , બ્લેક સ્મિથ , પાલખ માલસામાનની ખરીદી કરવા નીચે જણાવેલ પધ્ધતિ અપનાવવાની રહેશે.**

- કેન્દ્રના બાંધકામ માટે મહદઅંશે એસ.ઓ.આર. ની ચણતર કામ તમામ પ્રકારના કોંક્રીટ કામ , સ્ટીલના સળીયા કટીગ બેન્ડીગ, પ્લાસ્ટરીગ , ફલોરીગ ,

ઈલેકટ્રીફીકેશન , ફેબ્રિકેશન , પેન્ટીંગ વગેરે આઈટમનો અંદાજ પત્રકોમાં સમાવેશ થયેલ છે.

- એસ.ઓ.આર. ની ઉપરોકત જે તે આઈટમના રેટ એનાલીસીસ માંથી માલસામાન અને બિનકુશળ શ્રમિકોના ખર્ચની રકમ બાદ કરી જે ભાવ આવે તે દર જે તે કામની એસ.ઓ.આર ની કુશળ / અર્ધ કુશળ / મશીનરી સાથેના દર સાથે મળી શકશે.
- એસ.ઓ.આર ની આઈટમ માંથી માલસામાન અને બિનકુશળ શ્રમિકોની કામગીરી સિવાયની તમામ બાકી રહેલ કામગીરી માટે જે તે આઈટમ માટેના યુનિટ રેટને આધારે જે તે ગ્રામ પંચાયત મારફત નાણાંકીય નિયમોને આધિન રહી ઓછામાં ઓછા ત્રણ પાર્ટીઓના સ્થાનિક / ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ કુશળ / અર્ધ કુશળ કારીગરી અને જરૂરી મશીનરી સાથેની કામગીરી કરતાં કારીગરો પાસેથી ભાવો મેળવી તેનું તુલનાત્મક પત્રક તૈયાર કરી અને બાંધકામ સમિતીની ભલામણ સાથેની દરખાસ્તની પ્રોગ્રામ ઓફિસરશ્રી પાસેથી મંજુરી મેળવવાની રહેશે. ભાવો એસ.ઓ.આર ના યુનિટદિઠ મંગાવવાના રહેશે અને તેની સરખામણી ઉપર જણાવ્યા પ્રમાણે એસ.ઓ.આર ના દરના રેટ એનાલીસીસ સાથે કરવાની રહેશે.
- કુશળ કારીગરી , અર્ધ કુશળ કારીગરી , મશીનરી , પાલખ , સેન્ટરીંગ વગેરે કામગીરી માટે સ્થાનિક ઉપલબ્ધ કડીયા /કારીગરને પ્રાધાન્ય આપવાનું રહેશે.
- તમામ અંદાજપત્રકોમાં કન્ટીજન્સી ખર્ચ મંજૂર કરવાનો રહેશે, જેમાં ગુણવત્તા નિયમન , કામના સ્થળની સવલતો , વગેરે બાબતોના ખર્ચનો સમાવેશ થશે.

**નાણાં ચૂકવણીની જવાબદારી** :– સમગ્ર કેન્દ્રના બાંધકામના બિનકુશળ રોજગારી ખર્ચ અને તમામ માલ સામાન ખર્ચના નાણાંની ચૂકવણીની જવાબદારી જે તે પ્રોગ્રામ ઓફિસરની છે. તમામ પ્રકારના ચૂકવણા જે તે શ્રમિકો / પાર્ટીઓ /કારીગરો ના બેન્ક / પોસ્ટ ખાતામાંજ કરવાના રહેશે. ચૂકવણાના તમામ બિલોના કામના માપ ટેકનીકલ આસીસ્ટન્ટ ધ્વારા નોંધવાના રહેશે અને કરેલ કામગીરી / ખરીદીની ચકાસણી બાંધકામ સમિતી પાસેથી કરાવવાની રહેશે. ત્યાર બાદ આવા ચૂકવણા અર્થેના બિલો પ્રોગ્રામ ઓફિસરને મોકલવાના રહેશે.

**હિસાબોની નિભાવણી** :– બી.એન.આર.જી.એસ કેન્દ્રના બાંધકામની તમામ ગતિવિધી યોજનાની વેબસાઈટ www.nrega.nic.in પર એમ.આઈ.એસ ડેટા એન્ટ્રી કરાવવી ફરજીયાત છે. આ ઉપરાંત ગ્રામ્ય કક્ષાએ ઠરાવ બુક , માલ સામાન ખરીદ વપરાશ પત્રકો , ઈ–મસ્ટર અને કરેલ ચૂકવણાની વિગતો , તાંત્રીક અને વહીવટી મંજુરી , માલસામાન ખરીદીના દરની મંજુરી , ખરીદી હુકમો , વાઉચર ફાઈલ , બાંધકામ સમિતિના મીટીંગ અહેવાલ ,નિરીક્ષણ બુક , કામના ફોટોગ્રાફસ વગેરે તમામ રેકર્ડ નિભાવવાનું રહેશે.

**નિરીક્ષક બુક** :– બી.એન.આર.જી.એસ કેન્દ્રના બાંધકામ દરમ્યાન કામની ગુણવત્તા અને ચૂકવણાની પારદર્શકતા માટે જિલ્લા કક્ષાએથી વર્કમેનેજર અને તાલુકા કક્ષાએથી મદદનીશ વર્કમેનેજર ધ્વારા

વખતોવખત કામના સ્થળની મુલાકાત લઈ તેની નોંધ અને સુચનો નિરીક્ષણ બુકમાં કરવાના રહેશે. આ ઉપરાંત જિલ્લા કક્ષાએથી જિલ્લા પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર ધ્વારા નિયત કરેલ તાંત્રિક અધિકારીશ્રીઓ ધ્વારા કામની મુલાકાત લઈ તેની નિરીક્ષણ નોંધ નિરીક્ષક બુકમાં કરવાની રહેશે. તાલુકા કક્ષાએ તાલુકા પ્રોગ્રામ ઓફિસર અને જિલ્લા કક્ષાએથી જિલ્લા પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર ધ્વારા કામના નિરીક્ષણ અને ગુણવત્તા બાબતે તાબાના તાંત્રિક અધિકારીશ્રીઓ પાસેથી અહેવાલ મેળવી બાંધકામમાં ગુણવત્તા અને પારદર્શકતા જળવાઈ રહે તેવા પગલા ભરવા આયોજન કરવાનું રહેશે.

**થર્ડ પાર્ટી કન્સલટન્ટ** :– ગ્રામ્ય બાંધકામ સમિતિ ધ્વારા હાથ ધરવામાં આવતા કેન્દ્રના કામોમાં બાંધકામની સારી પધ્ધતીઓ અમલ થાય તેમજ બાંધકામમાં સારી ગુણવત્તા વાળો માલસામાન વપરાય તે સુનિશ્ચિત કરવા જિલ્લા કક્ષાએથી જિલ્લા પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર ધ્વારા થર્ડ પાર્ટી કન્સલટન્ટની સુવિધા મેળવી , થર્ડ પાર્ટી કન્સલટન્ટના ઈજનેરો માલસામાનની પસંદગી યોગ્ય થઈ છે કે કેમ – તેની ખાતરી કરશે તેમજ વપરાશમાં લેવાતા બાંધકામ માટેના જુદા જુદા માલસામાનું જરૂરી જણાયે મટીરીયલ લેબોરેટરીમાં ટેસ્ટીગ કરી તેની ગુણવત્તાની ચકાસણી કરશે. વળી તેઓ બાંધકામના જુદા જુદા તબકકે કામની મુલાકાત લેશે અને યોગ્ય ગુણવત્તા વાળું બાંધકામ થાય તે માટે ગ્રામ્ય બાંધકામ સમિતિને સૂચનો અને મદદ કરેશે. માલસામાનના ટેસ્ટીગ સરકારશ્રીની નિર્ધારીત  લેબોરેટરીમાં કરાવવાના રહેશે અને તેનો ખર્ચ અંદાજ પત્રના મંજુર થયેલ કન્ટીજન્સી ખર્ચમાંથી કરવાનો રહેશે.

**કમ્પ્લીશન સર્ટીફીકેટ :–** ગ્રામ્ય બાંધકામ સમિતિ ધ્વારા બાંધકામ પૂર્ણ થયા બાદ કામ પૂર્ણ થયાનું સામેલ નમૂના પ્રમાણેનું સર્ટીફિકેટ આપવાનું રહેશે જેમાં સમિતિના અધ્યક્ષ સભ્ય સચિવ તથા વી.વી.એમ.સી. ના સભ્ય અધ્યક્ષ સહી કરશે , તે ઉપરાંત તાલુકાના ગ્રામ પંચાયત માટે  નિયત ટેકનીકલ આસીસ્ટન્ટ તેમા સહી કરશે. આ પ્રમાણ પત્ર ઉપર તાલુકાના મદદનીશ વર્ક મેનેજર / અ.મ.ઈ / પ્રોગ્રામ ઓફિસર ધ્વારા નિયત કરેલ તાંત્રિક કર્મચારી / અધિકારીશ્રીએ સહી કરવાની રહેશે અને જિલ્લા કક્ષાએથી વર્ક મેનેજરશ્રી ધ્વારા તેને મંજૂર રાખ્યા બદલ સહી કરશે.

આ પ્રમાણ પત્ર આપતા પહેલા તમામ કક્ષાએ કામ પૂર્ણ થયાના ચેકલીસ્ટમા દર્શાવેલ બાબતોની ચકાસણી કરશે અને તેની ખાતરી કરશે.

**સોસીયલ ઓડીટ** :– બાંધકામ પૂર્ણ થયા બાદ તેના ટેકનીકલ ઓડીટ અહેવાલ તથા નાણાંકીય ખર્ચની વિગતોનો અહેવાલ ગ્રામસભામાં સોસીયલ ઓડીટ દરમ્યાન વંચાણે લેવા ટેકનીકલ આસીસ્ટન્ટ ધ્વારા તૈયાર કરવાનો રહેશે તથા ગ્રામસભા દરમ્યાન જાહેર જનતાને જાણકારી માટે બાંધકામનું તમામ રેકર્ડ સ્થળ પર ઉપલબ્ધ કરાવશે. એમજીએનઆરઈજીએ યોજના અંતર્ગત ધારાધોરણ હેઠળ સોસીયલ ઓડીટની કામગીરી કરવાની રહેશે.

| મજૂરો / કારીગરોનું દૈનિક હાજરીપત્રક | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લો :– | | | | | | | | | | | |
| તાલુકા :– | | | | | | | | | | | |
| ગ્રામ પંચાયત :– | | | | | | | | | | | |
| અ.નં | તારીખ | મજૂર/ કારીગરનું નામ | સરનામું | તારીખ | | | | કુલ દિવસ | વેતન | રકમ | નાણાં લેનારની સહી |
| | | | | ૧ | ૨ | .... | ૩૧ | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |

પરિશિષ્ટ–૨

| મજૂર પત્રક | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| જિલ્લો :– | | | | | | | |
| તાલુકા :– | | | | | | | |
| ગ્રામ પંચાયત :– | | | | | | | |
| અ.નં | તારીખ | કામનો પ્રકાર | કડિયાની (કારીગર)ની સંખ્યા | મજૂરોની સંખ્યા | ગ્રામ બાંધકામ સમિતિના સભ્યની સહી | ઈજનેરશ્રીની સહી | સહી અને નોંધ |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

| માલસામાન વપરાશ પત્રક | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જિલ્લો :– | | | | | | |
| તાલુકા :– | | | | | | |
| ગ્રામ પંચાયત :– | | | | | | |
| અ.નં | તારીખ | માલ ક્યાંથી આવ્યો તેની વિગત | ખરીદે (આવક) જથ્થો | વપરાયેલ (જાવક) જથ્થો | વપરાશની વિગત | બાકી (વધેલ) જથ્થો |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

| માલસામાન પત્રક | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લો :– | | | | | | | | |
| તાલુકા :– | | | | | | | | |
| ગ્રામ પંચાયત :– | | | | | | | | |
| વસ્તુનું નામ :– | | | | | | | | |
| તારીખ | ઉઘડતો જથ્થો | આવક જથ્થો | | | | વપરાશ | | આખરી જથ્થો |
| | | જથ્થો | રકમ | વાઉચર નં. | કુલ જથ્થો (૨ × ૩) | જથ્થો | વપરાશનો સંદર્ભ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | | ૬-૭ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

| નાણાં ઉપયોગ પત્રક | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| જિલ્લો :– | | | | | | | |
| તાલુકા :– | | | | | | | |
| ગ્રામ પંચાયત :– | | | | | | | |
| અ.નં | તારીખ | વાઉચર નંબર | વાઉચર કોની પાસેથી લીધું | વિગત | જથ્થો | રકમ | રીમાર્કસ |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

એકંદરે કુલ ખર્ચ:–

માલસામાન ખર્ચ :–
મજૂરી ખર્ચ :–
અન્ય ખર્ચ :–
કુલ એકંદર ખર્ચ :–
હાથ ઉપરનો માલસામાન આશરે :–

સહી / સિકકા

# ચેકલીસ્ટ

**ગ્રામ પંચાયતનું નામ :–** **તાલુકાનું નામ :–**
**જિલ્લાનું નામ :–**
**બી.એન.આર.જી.એસ.કેન્દ્ર ના બાંધકામની વિગત :–**
**કામ શરૂ થયા તારીખ :–** **કામ પૂર્ણ થયા તારીખ :–**
**તાબાના ટેકનીકલ આસીસ્ટન્ટનું નામ :–** **નિરીક્ષણની તારીખ :–**

| ક્રમ | નિરીક્ષણ કરવામાં આવેલ વિભાગ | રિમાર્કસ | | |
|---|---|---|---|---|
| | | હા | ના | લાગુ પડતું નથી |
| ૧ | પાયાનું બાંધકામ :– | | | |
| | પાયાનું ખોદકામ , કોંક્રેટ કામ , કોલમ અને ફુંટીગ / ચણતર | | | |
| | એસ.બી.સી અન્વયે ડિઝાઈન | | | |
| ૨ | રૂમ દિવાલ તથા સિલિંગ :– | | | |
| | સમગ્ર મકાનની કામગીરી ડિઝાઈન ડ્રોઈગ મુજબ થયેલ છે | | | |
| | મકાનની અંદર અને બહારનું પ્લાસ્ટર પુરૂ થયેલ છે | | | |
| | બીમ , કોલમ તથા ધાબાનો કોઈ ભાગ નમી ગયેલો જણાય છે ? | | | |
| | બધા જ ખૂણાઓનું ફિનિશિંગ બરાબર છે ? | | | |
| | સિલિંગ તથા દિવાલ ના કોઈ પણ ભાગમાં ગાબડા ધ્યાનમાં આવેલ છે ? | | | |
| | મકાનના કોઈ પણ ભાગમાં તિરાડ પડેલ છે કેમ ? | | | |
| ૩ | ભોંયતળિયું (ફલોરીંગ) :– | | | |
| | ભોંયતળિયાને બરાબર લેવલ કરવામાં આવેલ છે ? | | | |
| | ટાઈલ્સ / કોટા સ્ટોન યોગ્ય રીતે પોલિશ કરેલ તેમજ એકસરખા રંગની છે ? | | | |
| | તિરાળવાળી ટાઈલ્સ / કોટા સ્ટોન નો ઉપયોગ થયેલ છે ? | | | |
| | વરસાદી પાણીના નિકાલ માટે વરંડા તથા એકિટવીટી એરીયાને પૂરતો ઢાળ આપવામાં આવેલ છે ? | | | |
| ૪ | બારી –બારણા :– | | | |
| | બારણા , બારીઓ તથા જાળિયાના સ્થાન , સંખ્યા અને માપ મંજૂર થયેલ ડિઝાઈન અને નકશા મુજબ છે ? | | | |
| | બધાજ બારી બારણા સહેલાઈથી ખોલ–બંધ થઈ શકે છે ? | | | |
| | બારી બારણા અને તેની ફ્રેમ વચ્ચેની જગ્યા વધારે પડતીતો નથી ને ? | | | |
| | બારી બારણામાં વળાંક અથવા કોઈ ખામી તો નથી ને ? | | | |
| | બારી બારણાના બધાંજ ફિટીંગ જેવા કે અલ્ડ્રોપ , સ્ટોપર , મિજાગરા વગેરે સારી રીતે કામગીરી કરી શકે છે ? | | | |
| | બારી બારણાની ફ્રેમ તથા દીવાલ વચ્ચે બરાબર પ્લાસ્ટર થયેલ છે ? | | | |
| ૫ | ધાબુ / છાપરૂ :– | | | |
| | ધાબામાં યોગ્ય ઢાળ સાથે ફિનિશિંગ કરવામાં આવેલ છે ? | | | |
| | વરસાદી પાણીના નિકાલ માટે પાઈપ / સ્પાઉટ નાખેલ છે ? | | | |
| | ધાબા અને પેરાપેટના જંકશન પર વાટા કરવામાં આવેલ છે ? | | | |
| | ધાબામાંથી પાણી લીક થતું નથી તેની ખાતરી કરેલ છે ? | | | |
| | રેઈન વોટર પાઈપમાંથી પડતા પાણીનો નિકાલ બારીને અડચણરૂપ નથી તેની ખાતરી કરો ? | | | |

## ચેકલીસ્ટ

| ક્રમ | નિરીક્ષણ કરવામાં આવેલ વિભાગ | રિમાર્કસ | | |
|---|---|---|---|---|
| | | હા | ના | લાગુ પડતું નથી |
| ૬ | રંગકામ :– | | | |
| | બારી બારણા તથા જાળીયાને ઓઈલ પેઈન્ટિંગ બરાબર કરવામાં આવેલ છે ? | | | |
| | રંગોના બધાજ ડાગ દૂર કરવામાં આવેલ છે ? | | | |
| | મકાનની બહારની દિવાલો સિમેન્ટ પેઈન્ટ તથા અંદરની દિવાલો ચૂનાકામ / ડિસ્ટેમ્પર થી બરાબર રંગવામાં આવેલ છે ? | | | |
| | રંગ કામનું ફિનિશિંગ સંતોષકારક છે ? | | | |
| ૭ | સામાન્ય :– | | | |
| | મકાનનું ફિનિશિંગ સંતોષકારક છે ? | | | |
| | મકાનની ગુણવત્તા સંતોષકારક છે ? | | | |
| | મકાનમાં જવાના રેમ્પ અને પગથીયા બરાબર છે ? | | | |

**<u>ચકાસણી કરનારની સહી</u>**

**૧. સરપંચશ્રી :–.........................**

**૨. તલાટી કમ મંત્રીશ્રી :–.........................**

**૩. ટેકનીકલ આસીસ્ટન્ટ :–.........................**

**૪. બાંધકામ સમિતિના સભ્ય :–.........................**

---

## તાલુકા કક્ષાનું ચકાસણી પ્રમાણ પત્ર

આથી પ્રમાણીત કરવામાં આવે છે કે ......... જિલ્લામાં ..... તાલુકામાં ......... ગ્રા.પં માં ...... ગામે બાંધવામાં આવેલ બી.એન.આર.જી.એસ.કેન્દ્ર ના ઉપરોકત ચેકલીસ્ટમાં સમાવિષ્ઠ બધાજ મુદ્દાઓ અનુલક્ષી ચકાસણી કરેલ છે. પ્રસ્તુત બાંધકામ મંજૂર થયેલ આલેખન , નકશા , અંદાજપત્રકો તથા સ્પેશિફિકેશન મુજબ સંતોષકારક રીતે પૂર્ણ કરવામાં આવેલ છે.

**<u>ચકાસણી કરનારની સહી</u>**

૧.મદદનીશ વર્ક મેનેજર / અ.મ.ઈ :–.....................

૨. તાલુકા કક્ષાએથી નિયત થયેલ ટેકનીકલ કર્મચારી / અધિકારીશ્રી :– ................

---

## જિલ્લા કક્ષાનું ચકાસણી પ્રમાણ પત્ર

આથી પ્રમાણીત કરવામાં આવે છે કે ......... જિલ્લામાં ..... તાલુકામાં ......... ગ્રા.પં માં ...... ગામે બાંધવામાં આવેલ બી.એન.આર.જી.એસ.કેન્દ્ર ના ઉપરોકત ચેકલીસ્ટમાં સમાવિષ્ઠ બધાજ મુદ્દાઓ અનુલક્ષી ચકાસણી કરેલ છે. પ્રસ્તુત બાંધકામ મંજૂર થયેલ આલેખન , નકશા , અંદાજપત્રકો તથા સ્પેશિફિકેશન મુજબ સંતોષકારક રીતે પૂર્ણ કરવામાં આવેલ છે.

**<u>ચકાસણી કરનારની સહી</u>**

૧. વર્ક મેનેજર :–.....................

૨. જિલ્લા કક્ષાએથી નિયત થયેલ ટેકનીકલ કર્મચારી / અધિકારીશ્રી :– ................

# <u>કમ્પ્લીશન સર્ટિફિકેટ</u>

ગ્રામ પંચાયત : ................ તાલુકો : ................ જિલ્લો : ................

કામનું નામ :– બી.એન.આર.જી.એસ. કેન્દ્ર (ગ્રામ્ય કક્ષા)

| | |
|---|---|
| વર્ક કોડ નંબર :– | કામ શરૂ થયા તારીખ :– |
| તાંત્રિક મંજૂરી :– | વહીવટી મંજૂરી :– |
| તાંત્રિક મંજૂરીની રકમ :– | વહીવટી મંજૂરીની રકમ :– |
| મજૂરી ખર્ચ :– | માલ સામાન ખર્ચ :– |
| થયેલ ખર્ચની વિગત :– | મજૂરી ખર્ચ :–<br>માલ સામાન ખર્ચ :–<br>કન્ટીજન્સી ખર્ચ :–<br>કુલ ખર્ચ :– |
| મેજર મેન્ટ બુક નંબર :– | પાન.નં ......... થી .............. |
| ટેકનીકલ આસી. નું નામ :– | |
| સરપંચશ્રીનું નામ :– | |
| તલાટી કમ મંત્રીશ્રીનું નામ :– | |
| ચેકલીસ્ટ બાંધકામ સમિતિમાં રજૂ કરી મંજૂર કર્યા તારીખ :– | |
| પૂર્ણ થયેલ કામના ફોટોગ્રાફ્સ :– | |

<u>પ્રમાણ પત્ર આપનારની સહી</u>

૧. સરપંચશ્રી :–.........................

૨. તલાટી કમ મંત્રીશ્રી :–.........................

૩. ટેકનીકલ આસીસ્ટન્ટ :–.........................

૪. બાંધકામ સમિતિના સભ્ય :–.........................